## જન્મદિને વધામણી



આરતી ભટ્ટ
(૧૦-૮-૧૯૭૪)
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



રસિકભાઈ ગાંધી
(૧૦-૮-૧૯૪૧)
મંત્રી
ગાંધીનગર વૈષ્ણવ સમાજ

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો






ગાંધીનગર ખાતે કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તા. ૯ ઑગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ, સૅક્ટર-૧૦ના મધ્યસ્થ ખંડમાં 'એકાત્મ માનવદર્શનઃસામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પ્રથમ સત્રમાં રાજ્યના ગવર્નર ઓમપ્રકાશ કોહલી ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદમાં દેશભરમાંથી આવેલા વિદ્વાનોએ ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# એચ-ટાટની પરીક્ષા માટે આજથી રજિસ્ટ્રેશન

અમદાવાદ,તા. ૯

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આચાર્ય બનવા માટે ફરજિયાત એવી એચટાટની પરીક્ષા આગામી ૨૦મી ઓક્ટોબરે લેવામાં આળનાર છે. રાજ્યના પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવનાર આ એચટાટની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારો આવતીકાલથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી ૧૯મી ઓગસ્ટ સુધી ચાલશે. પ્રાપ્ત થથી માહિતી મુજબ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે એચ-ટાટની પરીક્ષા આગામી ૨૦મી ઓક્ટોબરના રોજ લેવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે ઉમેદવારો આવતીકાલથી ૧૯મી ઓગસ્ટ સુધી પરીક્ષા બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન બાદ ઉમેદવારોએ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં જઈને પરીક્ષા ફી જમા કરાવવાની રહેશે. આ ફી ઉમેદવારો ૨૦મી ઓગસ્ટ સુધીમાં જમા કરાવી શકશે. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અનામત કેટેગરીના ઉમેદવારોએ ૨૫૦ રૂપિયા અને જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૩૫૦ રૂપિયા ફી જમા કરાવવાની રહેશે. ફી જમા કરાવ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૪મી સપ્ટેમ્બરના રોજ ઉમેદવારોની હોલ ટિકિટ જાહેર કરવામાંઆવશે.

ઉમેદવારો ૧૪મી સપ્ટેમ્બર બાદ પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. જેના આધારે ૨૦મી સપ્ટેમ્બરે લેવામાં આવનાર એચ ટાટની પરીક્ષામાં ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ એચટાટની પરીક્ષા રાજ્યના નવ શહેરોમાં લેવામાં આવશે.

## વર્લ્ડ રૅકોર્ડ્સ ઈન્ડિયામાં ગુજરાતનું ગૌરવ



રાજ્ય સરકારના નાણાં વિભાગના અધિક સચિવ અનિલ કુમાર યાદવને સૌથી વધુ ડિગ્રી મેળવવા બ દલ વર્લ્ડ રૅકોર્ડ્સ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે. તેમણે ૧૧ યુનિવર્સિટીઝમાંથી મેળવેલી ૧૬ જેટલી ડિગ્રીઝમાં ૨ ડિગ્રી ગ્રેજ્યુએશનની અને ૧૪ ડિગ્રી પોસ્ટ ગ્રેજ્યુએશનની છે.

## જિલ્લા ઍથ્લેટીક્સની વિવિધ સ્પર્ધામાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ઝળક્યું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા ઍથ્લેટીક્સ સ્પર્ધામાં ભાગ લઈ શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે.

હાઈ જમ્પમાં સની, ૧૦૦ મીટર દોડમાં ગોવિંદ સિંઘ, ૪૦૦ મીટર દોડમાં સોનુ યાદવ તથા જયપ્રકાશ સિંઘ, ૮૦૦ મીટર દોડમાં દીપક કનોજિયા, મીના રામેન્દ્ર તથા યોગાંશી સેનગર, ૬૦૦ મીટર દોડમાં ઉપેન્દ્ર યાદવ તથા સોનુ ચૌધરી, ૧૫૦૦ મીટર દોડમાં જાગૃતિ ચૌહાણ તથા અભિષેક રાવત, ૩૦૦૦ મીટર દોડમાં દિલીપ સાલ્વી, ૧૧૦ મીટર હર્ડલ્સમાં મીના ગૌતમ, કુલદીપ ચૌહાણ, દીપક કનોજિયા, પન્કી પરિહાર, ૪૦૦ મીટરમાં વસ્તી વિરાજ, ૫૦૦ મીટરમાં, ૫૦૦૦ મીટર ક્રોસ કન્ટીમાં ઋષિકેશ શર્મા, ઝલક ચાલમાં ઓમકાર કટારીયા તથા મનોજ દમાઈ, ગોળાફેંકમાં ગોવિંદ, ભાલાફેંકમાં મનિષા રાણા, સંજય સોનકર, કલ્પેશ શર્મા, ડિસ્ક થ્રોમાં સોનુ ચૌધરી, લોન્ગ જમ્પમાં કુલદીપ ચૌહાણ, શીતલ યાદવ, જય પ્રકાશ, હથોડા ફેંકમાં અનિલ તિવારી, રાજા જાટ,હાઈ જમ્પમાં ઉપેન્દ્ર યાદવ, પૂનમ યાદવ, હરિઓમ કોટેડ, પોલ જમ્પમાં લેખા ટિરકે, યોગાંશી સેનગર તથા હુકામારામ, ટ્રીપલ જમ્પમાં જસવંત ચૌહાણ, જાગૃતિ ચૌહાણ અને જય પ્રકાશ વિજેતા બન્યા હતા, જેમને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## મંગળવારે ગાંધીનગરથી નૅશનલ સાયન્સ કોંગ્રેસનો આરંભ

ગાંધીનગર, તા. ૯

આગામી મંગળવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતેથી નૅશનલ સાયન્સ કોંગ્રેસ-૨૦૧૫નો શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત સરકારના સાયન્સ અને ટૅકનોલૉજી વિભાગ અંતર્ગત ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી (ગુજકોસ્ટ)ના સલાહકાર ડૉ. નરોત્તમ સાહૂએ આ માહિતી આપતાં જણાવ્યું છે કે ૧૧મી ઑગષ્ટના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે આયોજિત સમારોહના માધ્યમથી રાજ્યમાં નૅશનલ સાયન્સ કોંગ્રેસનો શુભારંભ કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાજ્યના સાયન્સ અને ટૅકનોલૉજી વિભાગના મંત્રી ગોવિંદભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે વિભાગના સચિવ ધનંજય દ્વિવેદી ઉપસ્થિત રહેશે. રાજ્યભરના બાળ વૈજ્ઞાનિકો આ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

## મનોરંજન

| સિનેમેક્સ | સિટી પલ્સ |
|---|---|
| સ્ક્રીન-૧ | સ્ક્રીન-૧ |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) ૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦ | દશ્યમ - ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦ |
| સ્ક્રીન-૨ | સ્ક્રીન-૨ |
| બેંગીસ્તાન - સવારે ૯.૧૫ | બેંગીસ્તાન ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫ |
| દશ્યમ - ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦ | બાહુબલિ - ૭.૦૦ |
| સ્ક્રીન-૩ | સ્ક્રીન-૩ |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) ૧૦.૦૦, ૬.૪૫ | મિશન ઈમ્પોસીબલ (હિન્દી) ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫ |
| બેંગીસ્તાન - ૧૨.૪૫ | મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫ |
| બજરંગીભાઈજાન - ૩.૩૦,૯.૩૦ | સ્ક્રીન-૪ |
| સ્ક્રીન-૪ | દશ્યમ - સવારે ૧૦.૦૦ |
| દશ્યમ - સવારે ૧૦.૦૦ | બજરંગી ભાઈજાન ૧.૦૦, ૯.૪૫ |
| બાહુબલિ - ૧.૦૫, ૭.૧૦ | જાંનિસાર - ૪.૧૫ |
| બેંગીસ્તાન - ૪.૨૫, ૧૦.૩૦ | મસાન (એ) - ૭.૧૫ |
| | સ્ક્રીન-૫ |
| | બેંગીસ્તાન સવારે ૧૦.૦૦, ૭.૦૦ |
| | દશ્યમ - ૧૨.૧૫ |
| | બિન રોયે - ૩.૪૫ |
| | બાહુબલિ - રાત્રે ૧૦.૦૦ |



અમદાવાદ ખાતે સ્થિત ઍમ બી પટેલ રાષ્ટ્રભાષા કૉલેજ ખાતે ઍનઍસઍસ પ્રવૃત્તિના ભાગરૂપે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સિવિલ હૉસ્પિટલ, અમદાવાદના સહયોગથી આ કાર્યક્રમ સફળ થયો હતો. ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. ભાગીરથી ભટ્ટ, આચાર્ય ડૉ. યોગેશ ગજ્જર તથા રાષ્ટ્રભાષા કૉલેજના તમામ અધ્યાપક મિત્રોએ વિદ્યાર્થીઓને રક્તદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી રક્તદાન કર્યું હતું. કાર્યક્રમમાં ઍનઍસઍસના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ સક્રિય ભૂમિકા ભજવી હતી.

# 'ઉપર આકાશ અને નીચે ધરતી'ના રેનબસેરામાં જન્મેલી એ મા વગરની દીકરીનું ભાગ્ય ખુલી ગયું...



(તસવીર : દિપક જાની)

સંબંધ સજાવે જિંદગી
પોપટલાલ પ્રજાપતિ

૨૦મી સદીમાં જુની આંખે નવા તમાશા જોયા બાદ કેટલીકવાર એવો પ્રશ્ન થાય છે કે આ દુનિયા કોના પુણ્યપ્રતાપે ટકી રહી છે ? ભૂકંપના હળવા આંચકા આપી કે ક્યાંક અચાનક અનારાધાર વરસી કુદરત કેમ ખમયા કરે છે ? આપણી સંસ્કૃતિના વિરાટ વડલાના મૂળિયામાં જ ઉધઈ લાગવા છતાં વડલો હજુ અડીખમ કેમ છે ? ઉબડ-ખાબડ થઈ ગયેલી આપણી સંદનાઓ છતાં ક્યાં માનવતાના દીપ એવા ઝળહળે છે કે જેના પ્રકાશમાં દુરાચાર અને અનીતિનો અંધકાર દૂર ભાગે છે. આવા અજાણ્યા ફરીશ્તાઓ પર કદી કૅમેરા ફરતો નથી કે જાહેરમાં સ્ટેજ પર એમનાં સન્માન થતાં નથી, છતાં એકાદ ખૂણામાં રહીનેય સળગતી આવી અગરબત્તીઓ થકી વાતાવરણ સુગંધિત લાગે છે. અફાટ રણમાં મીઠી વીરડી જેવા ક્યાંક ક્યાંક ભરાયેલાં આવાં ખાબોચિયાં પણ શીતળતા બક્ષે છે.

કવિ દુલા કાગે કહ્યું છે...
''પોતે સૌ પોતા તણાં પાળે પારેવાં
બચર બીજાના બાળ કોક જ સેવે કાગડા''

પંડ્યના જણ્યાનું જતન કરવું એ કંઈ મહાનતા નથી, એ તો દરેકનો ધર્મ છે. સમજો કે એની ફરજ છે. પણ જેની સાથે કોઈ સ્નાનસૂતકનોય સંબંધ ન હોય, જે નિરાધાર અને અનાથ હોય, જેની જાતિ કઈ કે કુળ કયું એની પણ ખબર ન હોય, ઉપર આકાશ અને નીચે ધરતી એ જ જેનું રેનબસેરા હોય એવા ગંદા-ગોબરા અઢી વર્ષના બાળકને કોઈ દત્તક લે અને જીવથી અદકેરું જતન કરે એ કળિયુગનું અચરજ ન કહેવાય ? વાત મજાની છે ને ?... તો વાંચો, ગાંધીનગરના સૅક્ટર-૩ ડીની એક હૃદયસ્પર્શી, સંવેદના અને લાગણીસભર સત્યઘટના :

ઘ-૨ સર્કલના સૅક્ટર-૬ના ખૂણે ગોઠવેલા બાંકડા એ વડીલોનો ચોરો કહેવાય. પણ રાત પડ્યે એ બાંકડા સુના થઈ જાય. એ બાંકડા પર એક ગરીબ મજૂર નામે અમીત પોતાની અઢી વર્ષની બાળકીને લઈ મીઠી નીંદર માણે. બાજુમાં જ ચુલો પેટાવી ક્યારેક જાતે રસોઈ બનાવે, ક્યારેક કેડમાં બાળકીને તેડી સૅક્ટર-૩ ડીમાં આવી ભીખ માગે... પણ આ વખતે તેના ચહેરા પર શરમ અને લાચારીના ભાવ દેખાતા હોય, કારણ કે ભીખ માગવી તેને પસંદ નહોતી પણ ભીખ માગવી એ તેની લાચારી હતી. કારણ કે પોતાની એકની એક દીકરી ચાર જ મહિનાની હતી અને પત્નીને કળજુગનો વાયરો વાયો. કોઈના સાથે પ્રણયના ફાગ ખેલતાં-ખેલતાં બાળકીનો ત્યાગ કરી પ્રેમી સાથે ભાગી ગઈ... ગરીબ મજૂર પર આભ તૂટી પડ્યું. પણ તે હિંમત હાર્યો નહિ. કાળજું કઠણ કરી તેણે બાળકીને હૈયાસરસી ચાંપી અને કોઈપણ ભોગે તેને ઉછેરવા મન મક્કમ કરી લીધું... તેને મજૂરી કરવી હતી પણ નાની બાળકી સાથે કોઈ મજૂરીએ પણ ન લઈ જાય. પરિસ્થિતિ વિકટ હતી. લાચારી અને દયામણા ચહેરે કંઈક લજ્જાના ભાવ સાથે સૅક્ટર-૩ ડીમાં બાળકીને લઈ ક્યારેક ભીખ માગતો અને સૅક્ટર-૩ડી, ૧૦૮૨/૨માં રહેતા દિલીપભાઈ સથવારા અને નીરૂબેનનું આ ભિક્ષુક તરફ ધ્યાન ગયું. કુતૂહલવશ તેમણે અમીતને પૂછ્યું, 'દરરોજ તું નાની બાળકીને લઈ માગવા આવે છે, એની મમ્મી કેમ ક્યારેય દેખાતી નથી ?' અને અમીતે પોતાની વેદના વ્યક્ત કરી. બસ નીરૂબેનમાં કોણ જાણે કેમ આ નાનકડી દીકરી પ્રત્યે આકર્ષણ થયું. એ બાળકીને લઈ ક્યારેક નવડાવી, માથામાં તેલ નાંખી સાફસુથરાં કપડાં પહેરાવતા. બાળકીને પણ નીરૂબેનમાં જાણે માતૃત્વ છલકાતું દેખાયું. બાળક માતાને જોઈ વળગી પડે એવી જ લાગણીથી આ બાળકી (સોનલ) નીરૂબેનને જોઈને વળગી પડતી. પછી તો આ સીલસીલો એકાદ વર્ષ ચાલ્યો.

એક દિવસ દિલીપભાઈ અને તેમનાં પત્ની હિંચકે બેસી વિચારગોષ્ઠી કરતા હતા, ત્યાં અમીત બાળકીને લઈને આવ્યો. નીરૂબેનના હૃદયમાં અનુકંપા અને લાગણીનો સળવળાટ થયો, તેમણે વિચાર્યું - મા વગરની દીકરી ગમે ત્યાં બાંકડે પડી રહે, ટાઢ-તાપ-વરસાદ સહન કરે ! આ કુમળા બાળનો આત્મા દુભાતો નહીં હોય ? આ નિર્દોષ બાળકીને કયા ગુનાસર આ યાતના ભોગવવાની ? અને એમણે અમીતને કહ્યું : 'અમીત આ દીકરી અમને સોંપી દે. આ દીકરી મોટી થાય છે ને અમારો જીવ મુંઝાય છે. અથડાતી, કુટાતી એની જિંદગી ક્યાંક અકાળે મૂરઝાય તો હું મારી જાતને ક્યારેય માફ નહીં કરી શકું. આ બાળકી જાણે મારું લોહી હોય એવી લાગણી થાય છે. સોનલને હું સાચવીશ, તેનું જીવથી અદકેરું જતન કરીશ, તેને ભણાવીશ-ગણાવીશ. બસ, આ દીકરી મને સોંપી દે.'

અમીતની આંખો આંસુથી છલકાઈ ઊઠી. 'બેન, મારી દીકરીનાં ભાગ્ય ખુલી ગયાં. એના નસીબના દરવાજા ખુલી ગયા. દીકરી ભલે નમાઈ હતી પણ એનું ભાગ્ય લઈને આવી છે. બેન, આ દીકરી તમને સોંપતા મને અત્યંત ખુશી થશે.' અને નીરૂબેને આજથી વીસેક દિવસ પહેલાં આ દીકરી સોનલનો કબજો લીધો. પરિવારમાં પણ જામે ખુશીની લહેર છવાઈ ગઈ.

નીરૂબેનને બે દીકરા અને એક દીકરી છે, ત્રણેય બાળકો ઍન્જિનીયર છે. પરિવારમાં આ બાળકીના પ્રવેશ સામે કોઈએ વાંધો ન લીધો અને જાણે કુદરતે પણ એ ઘટનાને મંજૂરી મારી હોય એ દિવસે ગાંધીનગરમાં અમૃતધાર વરસાદ વરસ્યો !

બાળકીની ચોક્કસ વય કેટલી છે તેનું કોઈ દાક્તરી કે નગરપાલિકાનું પ્રમાણપત્ર નથી, પણ પિતાના કહેવા પ્રમાણે તે અઢી વર્ષની છે.

વાત કરીએ નાનકડી સોનલની. દિલીપભાઈના કહેવા પ્રમાણે આ દીકરી અમારા પરિવારમાં એવી ભળી ગઈ છે કે જાણે અમારું લોહી લોહી જ ન હોય ! તેનામાં સમજણ એટલી છે કે તે ક્યારેય કોઈ બાબતમાં જીદ કરતી નથી. ક્યારેય રડતી નથી. ખાવાપીવામાં ખૂબ સંયમી. ખોરાક ખાવો હોય તેટલો જ લે, ક્યારેય બગાડ કરે નહિ. ખોરાક જોઈને ક્યારેય તેના પર તૂટી પડતી નથી. પોતાની પાસે રમકડું હોય અને બીજું બાળક માગે તો તરત આપી દે છે.

દિલીપભાઈ દરરોજ એને લઈ બગીચામાં ફરવા જાય, હીંચકે ઝુલાવે, લપસણી ખવડાવે, ચકરડી ફરાવે અને આ બધું તને શીખવાડવું ન પડે. સ્વાભાવિક રીતે જ બધી રમતો રમે ત્યારે પરિવાર ગાંડોઘેલો થઈ જાય. નાનકડી સોનલ એટલી નસીબદાર છે કે આટલા ટૂંકાગાળામાં તેણે દમણ, નાસિક, ત્ર્યંબક, શીરડીની જાત્રા પણ પરિવાર સાથે કરી આવી છે.

વધુ આનંદની વાત છે કે દિલીપભાઈના કુટુંબીજનો જે હાલ સુરેન્દ્રનગરમાં રહે છે તેમણે આ વાત જાણી ત્યારે તેમણે હરખનાં વધામણાં આપવા ગાંધીનગરની મુલાકાત લીધી. સૌએ દિલીપભાઈ અને નીરૂબેનનો ધન્યવાદ આપ્યા... તમે તમારું જીવતર ઉજાળી દીધું, આનાથી મોટું પુણ્યનું કામ હોઈ ન શકે !

થોડી વાત દિલીપભાઈની. સુરેન્દ્રનગરના વતની દિલીપભાઈ નર્મદા નિગમમાં સિવિલ ઍન્જિનીયર (કન્સલ્ટન્ટ) તરીકે સેવાઓ આપે છે. બંને દીકરા પણ ઍન્જિનીયર અને દીકરીએ પણ આઈટી ઍન્જિનીયરીંગ કર્યું છે, હાલ જૉબ કરે છે. ધર્મપત્ની નીરૂબેન સેવાભાવી અને અત્યંત ભાવુક સન્નારી છે. આખો પરિવાર સેવાભાવી અને પરોપકારી છે.

મિત્રો, નવરાત્રીનું પર્વ આવી રહ્યું છે. જગદંબાની આરાધનામાં મસ્ત બનીએ, પણ ક્યાંક આવી જીવતી જોગમાયાઓનાં જીવતર રોળાઈ ન જાય એ માટે સાવધ બનીએ એ જ જગદંબાની મોટી સાધના, એ જ આરાધના !

**'ગાંધીનગર સમાચાર' આજથી દર સપ્તાહે કોકટેલ નામની ક્વિઝનો આરંભ કરે છે, જે અંતર્ગત દેશ-દુનિયામાં બનતી ઘટનાઓ અંગે ૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે અને તેના જવાબો પછીના સપ્તાહે પ્રકાશિત કરવામાં આવશે. એ દરમ્યાન વાચકો ક્વિઝના જવાબ કોલમમાં લખેલા ઇમેલ એડ્રેસ ઉપર મોકલી શકે છે. સાચા જવાબો આપનારા વાચકોનાં નામ જવાબો સાથે પ્રકાશિત કરવામાં આવશે.**



## કરંટ કોકટેલ

દર્શન મારૂ
darshanmaru143@gmail.com

### ક્વીઝ નં. ૧

(૧) ૨૦૧૫ની અમરનાથ યાત્રામાં યાત્રીઓની સુરક્ષા માટે ભારતીય સેનાએ કયું ઑપરેશન શરૂ કર્યું છે ?
(ક) ઑપરેશન શક્તિ (ખ) ઑપરેશન શિવમ
(ગ) ઑપરેશન શનિ (ઘ) ઑપરેશન શીવા

(૨) ૨૦૧૫માં પ્રધાનમંત્રીના હસ્તે દેશભરમાં કૌશલ્ય વિકાસ અભિયાન અંતર્ગત સ્કીલ ઈન્ડિયાનો પ્રારંભ ક્યાંથી કરવામાં આવ્યો હતો ?
(ક) હરિયાણા (ખ) રાજસ્થાન
(ગ) દિલ્હી (ઘ) ઉત્તરપ્રદેશ

(૩) ૨૦૧૫માં ભારતભરમાં પ્રવાસન ક્ષેત્રે કયા રાજ્યને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે ?
(ક) ગુજરાત (ખ) તામિળનાડુ
(ગ) કર્ણાટક (ઘ) કેરળ

(૪) ૨૦૧૫માં વિશ્વ બૅન્કના આંકડા મુજબ ભારતનો જીડીપી (ગ્રૉસ ડૉમેસ્ટીક પ્રૉડક્ટ) કેટલા લાખ કરોડ નોંધાયો છે ?
(ક) ૧૨૦ (ખ) ૧૩૦
(ગ) ૧૪૦ (ઘ) ૧૫૦

(૫) ૨૦૧૫માં પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત રાજપથ પર કેટલી મિનિટ યોગ કાર્યક્રમ યોજાયો હતો ?
(ક) ૩૫ (ખ) ૩૬
(ગ) ૩૭ (ઘ) ૩૮

(૬) પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં કુલ કેટલાં આસનો કરવામાં આવ્યાં હતાં ?
(ક) ૨૧ (ખ ૨૨
(ગ) ૨૩ (ઘ) ૨૪

(૭) ૨૦૧૫માં ડિઝીટલ ઈન્ડિયા પ્રોગ્રામની રાષ્ટ્રીય બ્રાન્ડ ઍમ્બેસેડર તરીકે કોની પસંદગી કરાઈ છે ?
(ક) કૃતિકા શર્મા (ખ) કૃતિકા વર્મા
(ગ) કૃતિકા તલવાર (ઘ) કૃતિકા તિવારી

(૮) ૨૦૧૫માં પ્રથમ 'સુવિધા ટ્રેન'ની શરૂઆત કયા રેલવે પ્લેટફોર્મ પરથી કરવામાં આવી છે ?
(ક) કાલુપુર જંક્શન (ખ) મુંબઈ જંક્શન
(ગ) ગોરખપુર જંક્શન (ઘ) દિલ્હી જંક્શન

(૯) ૨૦૧૫ : ભારતના ૧૩મા સૌથી ઝડપી કૉમ્પ્યુરનું નામ શું છે ?
(ક) વિક્રમ-૧૦૦ (ખ) વિક્રમ-૧૦૧
(ગ) વિક્રમ-૧૦૨ (ઘ) વિક્રમ-૧૦૩

(૧૦) ૨૦૧૫માં એપીજે અબ્દુલકલામનું પ્રમુખસ્વામી સાથેની મુલાકાત અને આધ્યાત્મકિ ચર્ચા પર આધારિત કયા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે ?
(ક) ટ્રાન્સફોર્મર (ખ) ટ્રાન્જીસ્ટર
(ગ) ટ્રાન્સેન્ડન્સ (ઘ) ટ્રાન્સેન્ડરી